BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

**પરીપત્ર**

**વિષય : પરીક્ષા દરમિયાન રાખવાની થતી તકેદારી તેમજ સુચારૂ સંચાલન બાબત.**

આથી ઉપરોક્ત વિષયે માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ/સ્થળસંચાલક/સંચાલકશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટર તેમજ તમામ રૂટ સુપરવાઇઝરશ્રીઓએ નીચે મુજબની તકેદારી રાખવાની રહેશે.

૧. **કોલેજના આચાર્યશ્રી દ્વારા પરીક્ષા સ્થળ સંચાલકનો ચાર્જ જે-તે કોલેજના જો કોઇ અન્ય વ્યકતિને સોપવામાં આવે તો તેની લેખીત માહિતી cctv.bknmu@gmail.com પર ઇ-મેઇલ દ્વારા મોકલવાની રહેશે**

૨. કોઇ પરીક્ષા કેન્દ્રમાં જો પ્રશ્નપત્ર સમય પહેલા ખોલવામાં આવશે તો, યુનિ. દ્વારા દંડાત્મક કાર્યવાહી તેમજ કોલેજની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૩. રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટર તેમજ તમામ રૂટ સુપરવાઇઝરોએ પરીક્ષા કેન્દ્રના સંચાલક દ્વારા નિયુકત થયેલ જવાબદાર અધ્યાપકને પ્રશ્નપત્ર સીલબંધ કવરમાં આપવાનું રહેશે અને તેનો રીપોર્ટ યુનિ. માં જમા કરાવવાનો રહેશે.

૪. પરીક્ષા સમયગાળા દરમ્યાન કનેકટીવીટી ચાલુ રહે અને વીજ પ્રવાહ બંધ ન રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજના આચાર્યશ્રીઓ/સ્થળસંચાલક/સંચાલકશ્રીઓ તેમજ સંસ્થાઓના વડાઓની રહેશે.

૫. રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટર તેમજ તમામ રૂટ સુપરવાઇઝર તેમજ પરીક્ષા કેન્દ્રના સંચાલકશ્રીઓએ સમય, તારીખ અને વિષય મુજબ પ્રશ્નપત્રના પેકેટની ગણતરી કરી વેરીફાય કરીને આપવાના રહેશે, ત્યારબાદ જ પરીક્ષાખંડમાં પ્રશ્નપત્રની વહેંચણી કરવાની રહેશે તેમજ ઉપરોક્ત બાબત અંગે કોઇ પ્રશ્ન જણાય તો પરીક્ષા નિયામકશ્રી તેમજ CCTV વિભાગના ઇ-મેઇલ આઇ.ડી. અનુક્રમે cebknmu@gmail.com અને cctv.bknmu@gmail.com પર તેની જાણ કરવાની રહેશે.

૬. માસ કોપીકેસ કે કોઇપણ ટેક્નોલોજીના માધ્યમથી ઉતરવહીમાં લખાણ કરવામાં આવેલુ છે તેવું યુનિ.ના મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રમાં ચકાસણી કરતા માલુમ પડશે તો યુનિ. દ્વારા તેવી કોલેજની માન્યતા રદ કરવામાં આવશે, જેની સર્વે સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

૭. પરીક્ષાખંડમાં ખંડનિરીક્ષકો મોબાઇલ ફોનનો ઉપયોગ ના કરે તેની ગંભીરતા પુર્વક નોંધ લેવી.

૮. પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારની ગેરરીતી/ગેરવર્તણુક ના થાય તેના માટે પુરતી તકેદારી રાખવી. યુનિ. દ્વારા મોકલવામાં આવેલ સ્કવોડ/ઓબ્ઝર્વરમાં આવેલ અધ્યાપકો સાથે જે-તે પરીક્ષા કેન્દ્રના કર્મચારીઓએ યોગ્ય વર્તાવ કરવાનો રહેશે તેમજ સી.સી.ટી.વી. મોનીટરીંગ માંથી કોઇ કવેરી બાબતે ફોન આવે તો વ્યવસ્થિત પ્રત્યુતર આપવાનો રહેશે જેની જવાબદારી જે-તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

૯. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટરોએ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓને લેખીતમાં નિમણૂકનો ઓર્ડર આપવાનો રહેશે તેમજ તેની એક કોપી જે-તે કોલેજે પોતાની પાસે સાચવીને રેકોર્ડમાં રાખવાની રહેશે, જો યુનિવર્સિટીને જરૂર જણાય ત્યારે મંગાવવામાં આવે તો તેની માહિતી મોક્લવાની રહેશે.

૧૦. સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે, આપની કોલેજોના વધુમાં વધુ અધ્યાપકોને સ્કવોડમાં ગોઠવવાના રહેશે જેથી પરીક્ષા સૂચારૂ રીતે પાર પાડી શકાય.

**ઉપરોક્ત મુદ્દા સિવાય પરીક્ષામાં કોઇપણ ચુક ના રહે ત માટે પૂરતી તકેદારી રાખવી તેમજ જ્યાં સુધી અત્રેની યુનિવર્સિટી દ્વારા ઉપરોક્ત મુદ્દા સંબંધીત અન્ય પરીપત્ર કરવામાં ના આવે ત્યા સુધી માન્ય રહેશે જેથી તમામ સંબંધીતોએ આ પરીપત્રને પોતાના રેકોર્ડમાં રાખવાનો રહેશે જેથી આગામી સમયમાં યોજાનારી પરીક્ષામાં પણ તેની અમલવારી થઇ શકે જે બાબત ધ્યાને લેવી.**

ડી. ડી. એચ. ચુડાસમા
**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૨૯૮/૨૦૨૩, તા.૧૬/૦૩/૨૦૨૩

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,

ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩

પ્રતિ, યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ/સ્થળસંચાલક/સંચાલકશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, રીસીવીંગ ડીસ્પેચીંગ સેન્ટર તેમજ તમામ રૂટ સુપરવાઇઝર તરફ...

**નકલ રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે) (૨) આઇ.ટી. સેલ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે)

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh